# 'પ્રેમાનંદ ના આખ્યાનો માં વર્ણન વૈશિષ્ટ્ય '

પ્રા. રાજેશ જી. રાવલ
કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદ

વર્ણન એ આખ્યાનનો અનિવાર્ય અંશ છે. પ્રેમાનંદની વર્ણન કરવાની શક્તિ એમાનાં સ્વભાવોક્તિવાળાં ચિત્રોમાં ઉત્તમ રીતે પ્રગટ થાય છે. સુદામા અને નરસિંહનાં ઘરનાં વર્ણન, દરિદ્ર સુદામાનું વર્ણન,નરસિંહની વહેલનું વર્ણન, ઋતુપર્ણનાં ઘોડાઓનું વર્ણન, વિષયાની દાસીઓની ઉદ્યાનક્રીડાનું વર્ણન, દમયંતીને પરણવા આવેલા રાજાઓનું વર્ણન, શુક્રાચાર્યવેશી કૃષ્ણનું વર્ણન એનાં ઉત્તમ નમુનાઓ છે.

આખ્યાનનાં હાડરૂપ કથાને પુષ્ટ કરનાર લક્ષણ તેમાનાં વર્ણનો છે. પ્રસંગને તાદશ તેના પરિવેશસહિત સુરેખ કરી વર્ણવવામાં આવે તો જ શ્રોતાઓ તે પ્રસંગ સન્મુખ બનતો હોય તેમ અનુભવી શકે. આમ, વર્ણનથી પ્રસંગ તાદશ ન થાય તો માત્ર કથનથી કથા અસરકારક બને નહિ. રસાવિષ્કાર મંદ પડી જાય. પ્રસંગ પરિસ્થિતિ ચિત્રાત્મક બને તે રીતે તેનું ક્રમશ : વર્ણન આવે તો જ કાવ્ય સરસતા સિદ્ધ કહી શકે. પાત્રવર્ણન પણ તેમના વ્યક્તિતત્વની નિરાળી રેખઓ ઉપસે તેવું હોય છે. મધ્યકાળમાં પાત્રવર્ણન ઘણીવાર ચીલાચાલું બની જતાં હોય છે. વર્ણનોની અમુક રૂઢ પરંપરા દરેક સાહિત્યને મળેલી હોય છે. તેમાં અમુક શબ્દો અને ઉપમાનો પણ આવે તેમ બનતું દેખાય છે. જંગલનું વર્ણન વૃક્ષોની યાદીરૂપ બની જાય. નદીનું વર્ણનો હોય, એટલે તે નિશ્ચિત પદ્ધતિ પ્રમાણે આવે આવું ઘણું વર્ણનોમાં બનતું દેખાય છે. આવા વર્ણનો કંટાળાજનક પણ બને. પરંતુ કવિ કલ્પનાશક્તિવાળો હોય તો તે આ વર્ણનોને તાજગીભર્યા, તાદશ અને રસોપકારક બનાવી શ્રોતાઓને રસાનુભવ કરાવી શકે. ' મામેરું ' માં પ્રેમાનંદ કરેલ નરસિંહની વેલનું વર્ણન જુઓ-

" જુની વહેલને ધૂંસરી વાકી, સાંગી સોટાએ ભાંગીજી,
કોના તલાવા ને કો'ની પીંજણી, બળદ આણ્યા બે માંગીજી,

મહેતાજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રી જગદીશજી
ત્રણ સખી તે સાથે લીધી, વેરાગી દસવીસજી,

ડાબડી ત્રાંબાકેરી સંપુટ, તેમા બાલમુકંદજી,
કંઠે હાર કરીને રાખી, દામોદર નંદાનંદજી,

વહેલની પૂંઠે કોથળો બાંધ્યો, માહે ભર્યા વાંજિત્ર જી,
ગાંઠડી ગોપીચંદની છે તુલસીકાષ્ઠ પવિત્ર જી,

બલહીણ બળદ શું હીંડે ! ઠેલે વૈષ્ણવ સાથજી,
સોર પાડે ને ઢાળ ચડાવે, જય જય વૈકુંઠનાથજી,

એક બળદ ગળિયો થઈ બેસે, આખલો તાણી જાય જી, "

પ્રત્યેક કડીની વર્ણન વિશિષ્ટતા લક્ષ્ય - ધ્યાન ખેચ્યાં વિના રહેતી નથી. પ્રત્યેક ક્રિયાને કવિ પ્રત્યક્ષ કરી બતાવે છે. એમાં સ્વાભાવિકતા અને ચિત્રાત્મકતા ઉપરાંત ગતિ આર્વતન પણ છે. તેમજ નરસિંહનું એના સંતમંડળનું તેમજ એનાં પ્રવાસનું વર્ણન મનોરમ છે. મામેરા પ્રસંગે એકત્રિત થયેલી નાગર સ્રીઓનું વર્ણન ચોટદાર સ્વભાવોક્તિનો આકર્ષક નમૂનો છે. એ પ્રેમાનંદની વર્ણનકલાના સઘળા સબળ અંશોનું પ્રતિબિંબ છે. શેઠ - શેઠાણીનું વર્ણન પણ અદ્વિતીય છે.

વર્ણનોમાં વધારે રંગો પૂરી ચિત્રને અસરકારક રીતે ઉપસાવવાનું કામ તો પ્રેમાનંદ જ કરે છે. આ વર્ણનો માત્ર વર્ણન ખાતર જ આવતા નથી, પરંતુ કથાને ભાવસંતર્યક બનાવવામાં એમનું યોગદાન હોય છે. તે સાથે ' નળાખ્યાન ' માં દમયંતીને પરણવા આવેલ રાજાઓનું વર્ણન જુઓ -

મળે શુકન સાંહામાં તેડે, શુકન વેદીને રથ ખેડે
કરે તિરસ્કાર સેવક પર રીસ, પડે મુગટ ઉઘાડાશીશ(કડવું ૨૪/૩)

શરીર શ્રુદ્ર કાષ્ઠનાં ખોડ, તેને દમયંતિ વર્યાના કોડ
બાળક, જોબન ને વૃદ્ધા, તેહને દમયંતિ વર્યાની શ્રદ્ધા,(કડવું ૨૪/૧૯)

જેહને મુખ નાંદાં નહી દંત, તેહને પરણવાનું અંત (કડવું ૨૪/૧૨)

જેહને બેસી ગયાં ગણસ્થલ, મુખમાં રાખ્યાં બબ્બે ફોફળ ( કડવું ૨૪/૨૪)

આમ, દમયંતીને પરણવા આવેલા પોતાની ઉમરની સભાનતા પણ ભુલી ગયેલા ' ઘરડી ઘોડીને લાલ લગામ ' એવા લગ્નોત્સુક રાજનોનું આબેહૂબ વર્ણન આપ્યું છે. જે પ્રસંગને બરાબર ઉપરકારક નીવડે છે. એ સંદર્ભે તેમની વર્ણનકળા દાદ માંગી લે તેવી છે.

પ્રેમાનંદનાં સ્વભાવોક્તિ ચિત્રો કે અન્ય કોઈક વર્ણનો કવિનાં ઈન્દ્રિય પ્રત્યક્ષ અનુભવનો લાભ મળ્યો હોય અથવા દશ્યને કવિએ માનસ પ્રત્યક્ષ કર્યા છે એમ લાગે, ' દશકસ્કંધ ' નાં પ્રકૃતિવર્ણનમાં પણ સ્પર્શ છે. વર્ષાશરદનું એ વર્ણન જુઓ -

**વર્ષાવર્ણન :-**

કીટપતંગ પ્રાણી પંચવરણાં, મંડુક કરે મુખ શોરજી,
લીલાં તૃણ થયાં અવનીમાં, ઉદિયા દ્રુમ અંકોરેજી,
નવીન પત્ર કુસુમ નાના વિધ, નદીએ આવ્યા પુરજી,
કાદવે મારગ પુરાણાં, વેપારીએ મુક્યા વેપારજી,૪૮

**શરદવર્ણન :-**

તિમિર નિવર્ત્યું અભ્રઘટાનું, થયુ નિર્મળ આકાશજી,
રવિકિરણે પંક સૂકવ્યા, નિર્મળ કીધાં નવખંડજી,
નિર્મળ જળ થયાં સર્વ સરિતનાં, પોપલકંજ ઉઘડિયાંજી,
આગિયા ઊડયા, કાદવ સૂક્યા, ઘર લીપે પુરવાસીજી.૪૯

આ પ્રકારનાં પ્રકૃતિવર્ણન સંસ્કૃત પ્રાકૃત કવિઓની કવિતામાં નથી મળતા એમ નહી. પરંતુ અહીં એ કવિના અનુભવનો સ્પર્શ પામીને આવે છે, સ્વભાવોકિતચિત્રો પ્રત્યક્ષ કરવાની કવિની શક્તિ આ પ્રકૃતિવર્ણનોમાં પણ દેખાય છે.

પ્રકૃતિ ઉપરાંત યુદ્ધવર્ણન, નગરનવર્ણન, સુદંરીરૂપ વર્ણન વનવર્ણન ઈત્યાદિ પણ ઘણાં પ્રમાણમાં મળે છે. આ વર્ણનો પર પરંપરાનો પ્રભાવ ઘણો વધારે છે. કવિનાં પ્રત્યક્ષ અનુભવો કે કવિનાં માનસપ્રત્યક્ષનો સ્પર્શ એમને કવચિત જ થાય છે. ક્યારેક એ પ્રકારનાં વર્ણનથી પણ પ્રેમાનંદ ધાર્યું કામ કાઢી લીધું હોય. જેમકે, ' ચંદ્રાહાસાખ્યાન ' ની આ પંક્તિ જુઓ -

' અઘોર વન તણી ઝખ - જાળ, આરડે અગિયર, ફુંફવે વ્યાળ,
ખડું ખાબડાં પર્વત મોહ, ગુફામાં ધુધવે બહુ ઘોહ,

ભૂંડ ભૈરવ તણી પરેસ મંજાર દીસે પશું વનમાં અપાર.

ચંદ્રહાસને મારવા લઈ જતાં મારાઓ જે ભયંકર કરવા જતા હતા તેને અનુરૂપ ભયાનકતા કવિએ આ વર્ણન માંથી ઉપસાવી છે. પ્રેમાનંદમાં વનવર્ણવ એટલે વૃક્ષોની યાદી એમ હંમેશ સાચુ નથી.

યુદ્ધવર્ણનો પ્રેમાનંદમાં સૌથી વિશેષ છે. અને એમનાં આખ્યાનનો સૌથી નબળો અંશ એ વર્ણનો છે. રૂપસંદરી વર્ણન વધારે ધ્યાન ખેંચે છે. દમયંતિ રૂપ વર્ણન એમાં ઈન્દ્રિયપ્રત્યક્ષતા નથી. પરંપરાનો પ્રભાવ છે. છતાં વિવિધ અલંકાર છટાઓથી કવિની વિદગ્ધતાનો અનુભવ એમાં થાય છે.

સૃષ્ટિ કરતાં બ્રહ્માજીએ, તેજનું ભર્યું એક પાત્ર,
તે તેજનું બ્રહ્માજીએ, ઘડયું દમયંતીનું ગાત્ર.(કડવું - ૪/૭, નળાખ્યાન).

**સંદર્ભ:**


૧. ગુજરાતી સાહિત્યનો મધ્યકાળ – અનંતરાય રાવળ (ગુર્જર પ્રકાશન) (૧૯૯૯).
૨. પ્રેમાનંદ – જયંત દાંડિત, દિલ્હી સાહિત્ય અકાદમી (૧૯૯૮).
૩. પ્રેમાનંદની કાવ્યકૃતિઓ – કે.કા. શાસ્ત્રી, શિવલાલ જેસલપુરા.